૬ મુસાફરોના જીવ તાળવે ચોંટ્યા : તંત્રમાં ભાગદોડ મચી ગઇ

ગોધરા રેલવે સ્ટેશનમાં લોકાર્પણ બાદ ગણતરીના કલાકોમાં જ નવી લિફ્ટ ખોટકાઈ

'અમૃત ભારત સ્ટેશન યોજના' અંતર્ગત ઉદ્ઘાટન કરાયેલા સ્ટેશન પર પહેલા જ દિવસે ધબડકો

(પ્રતિનિધિ) ગોધરા, તા.18 પંચમહાલ જિલ્લાના ગોધરા રેલવે સ્ટેશન પર રૂપિયા ૬ કરોડના ખર્ચે થયેલા નવીનીકરણ અને આધુનિકીકરણની પોલ લોકાર્પણના ગણતરીના કલાકોમાં જ ખુલ્લી પડી ગઈ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા શુક્રવારે સાંજે ૪ વાગ્યે વર્ચ્યુઅલ લોકાર્પણ કરાયા બાદ, રાત્રે ૧૦ વાગ્યે સ્ટેશનની અત્યાધુનિક નવી લિફ્ટ અચાનક બંધ થઈ જતાં તેમાં ત્રણ મહિલાઓ સહિત કુલ છ મુસાફરોના જીવ તાળવે ચોંટ્યા હતા. ફાયર બ્રિગેડની ટીમે એક કલાકની ભારે જહેમત બાદ લિફ્ટનો દરવાજો કાપીને તમામ મુસાફરોનું સુરક્ષિત રેસ્ક્યૂ કર્યું હતું. શુક્રવારે રાત્રે ગોધરા-વડોદરા મેમુ ટ્રેન મારફતે ગોધરા પહોંચેલા મુસાફરો પ્લેટફોર્મ નંબર ૫ પર આવેલી નવી લિફ્ટમાં બેસીને ગેટ નંબર ૨ તરફ જઈ રહ્યા હતા ત્યારે અધવચ્ચે જ લિફ્ટમાં ટેકનિકલ ખામી સર્જાઈ હતી. બંધ લિફ્ટમાં ગૂંગળામણ અને ડરને કારણે મુસાફરોમાં ભારે ગભરાહટ ફેલાયો હતો. ફાયર જવાનોએ ગેસ કટર વડે લિફ્ટનો લોખંડનો ભાગ કાપીને અંદર ફસાયેલા વિશાલ ઈશરાણી, ઈશ્વર પુરસવાણી, દેશાંત પરમાર, પનિહા પરમાર, કમળાબેન બારીયા અને હર્ષાબેન બારીયાને હેમખેમ બહાર કાઢ્યા હતા. આ જોખમી કામગીરી દરમિયાન ફાયર બ્રિગેડના જવાન મુકેશ ચાવડાને હાથના ભાગે ઈજા પહોંચી હતી. જોકે, આ ઘટના બાદ વેસ્ટર્ન રેલવે વડોદરા ડિવિઝનના પીઆરઓ અનુભવ સક્સેનાએ આ મામલે તપાસ કરી કસૂરવારો સામે કડક કાર્યવાહી કરવાની ખાતરી આપી છે. સ્થાનિક નાગરિકોમાં નબળી ગુણવત્તાના કામ અને કથિત ભ્રષ્ટાચારને લઈને ભારે રોષ જોવા મળી રહ્યો છે,

દાહોદની ડોકી સબ જેલમાંથી તંબાકુ, બીડી, સિગારેટ અને મોબાઈલ મળ્યા, ત્રણ કેદી સામે ગુનો નોંધાયો

(પ્રતિનિધિ) દાહોદ, તા.2 દાહોદના ડોકી ખાતેની સબજેલમાં પોતાના સહકર્મી સાથે જનરલ રાઉન્ડ પર નીકળેલા સ્ટાફ કર્મીને બેરેક નંબર-૬ માં રાખવામાં આવેલા ત્રણ કેદીઓની હિલચાલ શંકાસ્પદ લાગતા બેરેકમાં તથા બેરેકના પાછળના ભાગે નોન લીનીયર જંક્શન ડિટેક્ટર મશીનથી તપાસ કરતા ઘાસની અંદર છુપાવી રાખેલ મોબાઈલ ફોન સિગારેટ, બીડી, બુધાલાલ તંબાકુની પડીકીઓ જેવી બિનઅધિકૃત વસ્તુઓ મળી આવતા અને તે બિનઅધિકૃત વસ્તુઓ અન્ય બે સાથી કેદીના કહેવાથી સંતાડેલ હોવાની એક કેદીએ કબૂલાત કરતા દાહોદ સબજેલ તંત્ર ચોંકી ઉઠયું હતું. મોબાઈલ ફોન, સિગારેટ, બીડી તેમજ તંબાકુની પડીકી જેવી બિન અધિકૃત વસ્તુને લઈ જવાની જેલ ના નિયમ મુજબ સબ જેલમાં લઈ જવાની મનાઈ હોય છે. તેમ છતાં ઘણી વખત કેટલા કેદીઓ જેલમાં આવતી વેળાએ ઉપરોક્ત બિનઅધિકૃત વસ્તુઓ ખબર ન પડે તે રીતે સંતાડીને ચોરી છુપીથી જેલમાં લાવતા હોય છે. આવી બિન અધિકૃત વસ્તુઓ ભૂતકાળ માં પણ સબજેલોમાંથી પકડાયા ના અહેવાલ છે. જેથી કરીને સબ જેલોમાં અવારનવાર તપાસ હાથ ધરવામાં આવે છે. આ જ રીતે દાહોદ તાલુકાના ડોકી ગામે આવેલ દાહોદ સબજેલમાં ફરજ બજાવતા મહેશભાઈ કલ્યાણ ભાઈ ડામોર પોતાના સહકર્મીઓ સાથે ગઈકાલે બપોરના સમયે સબજેલમાં જનરલ રાઉન્ડ પર નીકળ્યા હતા. તે દરમિયાન યાર્ડ નંબર-૨ ની બેરેક નંબર-૬મા રાખવામાં આવેલા કતવારાના ગણેશ તાનર્સિંગ ડામોર તથા સુરજ રમેશ કેશી તેમજ પરીક્ષિત રાજુભાઈ બલદાના એમ ત્રણેય જણાની હિલચાલ શંકાસ્પદ લાગતા તેઓએ બેરેક નંબર-૬માં અંદરના ભાગે અને ત્યારબાદ પાછળના ભાગે મહેશભાઈ કલ્યાણભાઈ ડામોર તથા તેમના સહ કર્મીઓએ નોન લીનીયર જંકશન ડિટેક્ટર મશીનથી તપાસ કરતા ઘાસની અંદર છુપાવી રાખેલ સિલ્વર કલરનો કેચોડા કંપનીનો મોબાઈલ ફોન નંગ-૧, છુટ્ટી સિગારેટ નંગ- ૧૦, પતરામાં ડબ્બામાં છુપાવી રાખેલ છુટ્ટી બીડી નંગ-૨૦ તથા બુધાલાલ તંબાકુની પડીકી નંગ-૨ વગેરે બિનઅધિકૃત વસ્તુઓ પકડી પાડી હતી.

દાહોદ જિલ્લાના ચાકલીયા નજીક ટીમાચી ગામનો બનાવ

પતિએ આડા સંબંધ હોવાની શંકા રાખી પત્નીનું ગળું દબાવી મોતને ઘાટ ઉતારી

(પ્રતિનિધિ) દાહોદ, તા.18 દાહોદ જિલ્લાના ચાકલીયા પોલીસ સ્ટેશનના હદ વિસ્તાર માં આવેલ ટીમાચી ગામે ગત રાતે બનેલી હત્યાની ઘટનામાં વ્હેમીલા પતિએ પત્ની ના કોઈ સાથેના આડા સંબંધનો વહેમ રાખી ઝઘડો તકરાર કરી આવેશમાં આવી પત્નીનું ગળું દબાવી મોતને ઘાટ ઉતારતા, ચાકલિયા પોલીસે આ મામલે હત્યાનો ગુનો નોંધી ગણતરીના કલાકોમાં જ હત્યારા પતિને ઝડપી પાડી જેલ ભેગો કર્યાનું જાણવા મળ્યું છે. પ્રાપ્ત વિગત અનુસાર ઝાલોદ તાલુકાના ચાકલીયા પોલીસ સ્ટેશનના હદ વિસ્તાર માં આવેલ ટીમાચી ગામે રહેતા હિતેશ ભાઈ રાકેશભાઈ બારીયા મૂળ સ્વભાવે હેમીલો હોઈ તેની પત્ની ૧૯ વર્ષીય અંજનાબેન ઉપર વાતે વાતે શક કરવા લાગતો હતો. આ તેનો નિત્યક્રમ થઈ ગયો હતો. ગઈકાલે એટલે કે તારીખ ૧૯-૭-૨૦૨૬ના રોજ રાત્રિના દસેક વાગ્યાના સુમારે રિતેશભાઈ રાકેશભાઈ બારીયાએ તેની પત્ની અંજનાબેન સાથે આડા સંબંધના વહેમમાં ભારે ઝઘડો કર્યો હતો. અને રીતેશ ભાઈ બારીયાએ પોતાની પત્નીના અન્ય સાથેના આડા સંબંધ નો વહેમ રાખી એકદમ આવેશમાં આવી જઈ પત્રી અંજનાબેનનું ગળુ દબાવી મોતને ઘાટ ઉતારી દઈ નાસી ગયો હતો.

આ સંબંધે મરણ જનાર અંજનાબેનના પિયર રળીયાતી ભુરા ગામે માળ ફળિયામાં રહેતા રમેશભાઈ રામસિંગભાઈ નિસરતાએ ચાકલિયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આ મામલે ટીમાચી ગામના રીતેશ ભાઈ રાકેશભાઈ બારીયા વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી તેને ગણતરીના કલાકોમાં જ પોલીસે ઝડપી પાડી જેલના સળિયા ભેગો કર્યો છે.

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, વિંઝોલ ખાતે સ્થાપવામાં આવશે

ભારતના વેસ્ટ ઝોનનું સૌપ્રથમ હોમિયોપેથીક સ્ટ્રીમનું 'ટીચર ટ્રેનિંગ સેન્ટર'

(પ્રતિનિધિ) ગોધરા, તા.18 શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, વિંઝોલ (ગોધરા) ખાતે હોમિયોપેથીના જનક માસ્ટર હેનિમેનને આદરાંજલિ આપવાના ભાગરૂપે એક વિશેષ 'એક દિવસીય સેમિનાર' નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ આયોજન શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીના કુલપતિ પ્રોફ. ડૉ. હરિભાઈ કાતરિયાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ સેમિનારનો મુખ્ય વિષય "રીફોર્મ્સ ઇન ટીચિંગ મેથડોલોજી" (શિક્ષણ પદ્ધતિમાં સુધારા) રાખવામાં આવ્યો હતો. આ સેમિનારમાં હોમિયોપેથીક ટીચર ટ્રેનિંગ સેન્ટર સ્થપાશે.

આ મોટી જાહેરાત નવી શૈક્ષણિક નીતિ (NEP) ના અનુસંધાને આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે નવી ભરતી થતા પહેલા ટ્રેનિંગ મેળવી સર્ટિફાઇડ થવું ફરજિયાત બનશે. શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, વિંઝોલ (ગોધરા)ના મુખ્ય કેમ્પસ ખાતે ૧૭ જુલાઈ ૨૦૨૬ના રોજ હોમિયોપેથીના જનક માસ્ટર હેનિમેનને આદરાંજલિ આપવા માટે "રીફોર્મ્સ ઇન ટીચિંગ મેથડોલોજી" વિષય પર એક શૈક્ષણિક સેમિનારનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

આ ઐતિહાસિક પ્રસંગે નવી દિલ્હીથી પધારેલા નેશનલ કમિશન ફોર હોમિયોપેથી (NCH) ના હોમિયોપેથીક એજ્યુકેશન બોર્ડના પ્રમુખ ડો. રજત ચટ્ટોપાધ્યાય દ્વારા એક ખૂબ જ મોટી અને મહત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી હતી કે, ભારત દેશમાં સૌપ્રથમ વખત હોમિયોપેથીક સ્ટ્રીમનું 'ટીચર ટ્રેનિંગ સેન્ટર' શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ખાતે સ્થાપવામાં આવશે.

દાહોદની નવજીવન સાયન્સ કોલેજમાં ઓરીએન્ટેશન પ્રોગ્રામ યોજાયો

(પ્રતિનિધિ) દાહોદ, તા.18 દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજનાં COLLEGIATE WOMEN'S DEVELOPMENT COMMITTEE (CWDC) દ્વારા તા.14/07/2026 ના રોજ વિધાર્થિનીઓ માટે ઓરીએન્ટેશન પ્રોગ્રામમાં પરિચય તથા મહિલા સશકિતકરણ વિશે CWDC અંતર્ગત સમજવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કોલેજમાં કાર્યરત CWDC સેલ વિશે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

નિયત સમયાવધિમાં પૂર્ણ કરવા જિલ્લા પ્રભારીમંત્રીની તાકીદ

ગોધરામાં પંચમહાલ જિલ્લા આદિજાતિ વિકાસ મંડળની બેઠક યોજવામાં આવી

(પ્રતિનિધિ) ગોધરા, તા.18 પંચમહાલ જિલ્લાના પ્રભારી મંત્રી રમેશભાઈ કટારાના અધ્યક્ષસ્થાને આજે જિલ્લા આદિજાતિ વિકાસ મંડળની વર્ષ ૨૦૨૬-૨૭ની બેઠક મળી હતી. આ બેઠકમાં ગુજરાત પેટર્ન ૯૬% (પ્રાયોજના વિસ્તાર)ની જોગવાઈ અનુસાર રૂા. ૨૬૩૪.૯૬ લાખનું આયોજન મંજુર કરવામાં આવ્યુ. તથા ગુજરાત પેટર્ન ૪ % (છુટાછવાયા વિસ્તાર)ની જોગવાઈ રૂ.૪૭૩.૬૬ લાખ એમ કુલ રૂ.૩૧૦૮.૬૨ લાખનું આદિજાતિ વિકાસ મંડળ આયોજનનું સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યુ હતું. આ બેઠકમાં પ્રભારીમંત્રી રમેશભાઈ કટારાએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર સર્વે વિસ્તારોના સર્વાંગી વિકાસ માટે પ્રતિબદ્ધ છે અને દરેક

વિકાસના કામ સમયમર્યાદામાં ગુણવત્તાસભર થાય તે ખૂબ જ આવશ્યક છે. જેને અનુસંધાને પદાધિકારી-અધિકારીઓ અને વિવિધ વિભાગો વચ્ચે પરસ્પર સંકલન જાળવી કામ કરવું ખૂબ જ જરૂરી છે. વધુમાં, તમામ કામો સમયમર્યાદામાં અને સરકારની ગાઈડલાઈન મુજબ કરવામાં આવે તે જરૂરી છે. આ સાથે વિવિધ કામોની ગ્રાન્ટ લેફ્ટ ન થાય તેની તકેદારી રાખવા જણાવ્યું હતું.

શહેરાના ભુરખલ ગામમાં PM આવાસ યોજનામાં કટકી

સરપંચ હસમુખ સોલંકીનો ચા-પાણીના નામે કમિશન લેતો વીડિયો વાયરલ

(પ્રતિનિધિ) ગોધરા, તા.18 પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના જૂના ભુરખલ ગામના મહિલા લાભાર્થી વીનાબેનને પીએમ આવાસ યોજના હેઠળ મકાન મંજૂર થયું હતું. તેમના બેંક ખાતામાં પ્રથમ હપ્તો જમા થયા બાદ સરપંચ હસમુખ સોલંકીએ ઉપરના અધિકારીઓને ચા-પાણી કરાવવા પડશે તેવું કહીને કમિશનની માંગણી કરી હતી. સરપંચે શરૂઆતમાં જ આ ગરીબ મહિલા પાસેથી ૫,૦૦૦ રૂપિયા પડાવી લીધા હતા. આટલેથી સંતોષ ન માનતા, જ્યારે બીજા હપ્તાની વાત આવી ત્યારે તેમણે વધુ ૭,૦૦૦ થી ૧૦,૦૦૦

રૂપિયાની માંગણી કરી હતી. એટલું જ નહીં, જો કમિશન નહીં આપો તો આગળનો હપ્તો પાસ નહીં થાય એમ પણ જણાવ્યું હતું. સરપંચની વારંવારની માંગણીઓ અને ત્રાસથી કંટાળીને આખરે જાગૃત મહિલા લાભાર્થીએ સમયસૂચકતા વાપરી હતી. ઘરમાં અન્ય કોઈ સભ્ય હાજર ન હોવા છતાં, મહિલાએ છૂપી રીતે પોતાનો મોબાઈલ ગોઠવી દીધો હતો અને સરપંચ પૈસા લેવા આવ્યા ત્યારે તેમને વીડિયોમાં કેદ કરી લીધા હતા. પીડિત મહિલાએ રોષ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, પ્રજા પ્રતિનિધિઓને ગામના વિકાસ માટે ચૂંટે છે, પરંતુ જો તેઓ જ ગરીબોને લૂંટવા લાગે તો તે અત્યંત નિંદનીય છે. હાલ પંચમહાલ જિલ્લામાં આ મુદ્દો ટોક ઓફ ધ ટાઉન બન્યો છે. આ બાબતે ભુરખલ ગામના સરપંચ સોલંકી હસમુખભાઈ જોડે ટેલિફોનિક વાત કરતા જણાવ્યું હતું કે આ વિડિઓ વર્ષ 2025 નો છે અને રાજકીય અદાવત રાખીને હમણાં વાયરલ કરવામાં આવ્યો છે.

વેજલપુર પોલીસની સફળ કામગીરી

૧૪ મહિનાથી પોક્સો કેસમાં ભાગતો આરોપી આખરે ઝડપાયો

(પ્રતિનિધિ) કાલોલ, તા.18 પંચમહાલ જિલ્લાના વેજલપુર પોલીસ સ્ટેશનની ટીમે પોક્સો (POCSO) એક્ટ હેઠળ નોંધાયેલા ગુનામાં છેલ્લા 14 મહિનાથી નાસતા-ફરતા આરોપીને ભોગ બનનાર સાથે મોરબીમાંથી શોધી કાઢીને સરાહનીય કામગીરી કરી છે. ઉચ્ચ પોલીસ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં તા. 17 જુલાઈથી 16 ઓગસ્ટ, 2026 દરમિયાન ગુમ અને અપહરણ થયેલા બાળકો તથા વ્યક્તિઓને શોધી કાઢવા માટે વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ અભિયાન અંતર્ગત ઇન્ચાર્જ પોલીસ અધિક્ષકની સૂચના અનુસાર નાયબ પોલીસ અધિક્ષક (કાલોલ વિભાગ)ના માર્ગદર્શન હેઠળ પોલીસ ઇન્સ્પેક્ટર જી. કે. વહુનિયા અને તેમની ટીમે સઘન તપાસ શરૂ કરી હતી. વેજલપુર પોલીસ સ્ટેશનમાં તા. 10 મે, 2025ના રોજ BNS-2023ની કલમ 137(2), 87 તેમજ પોક્સો એક્ટ-2012ની કલમ 12 હેઠળ ગુનો નોંધાયો હતો. આ કેસમાં આરોપી રાહુલકુમાર અજીતસિંહ ગોહિલ, રહે. છગનની મુવાડી ખડકી, તા. કાલોલ, ભોગ બનનારને અજાણ્યા સ્થળે લઈ જઈ પરિવાર અને મિત્રવર્તુળથી સંપૂર્ણપણે સંપર્કવિહોણો થઈ ગયો હતો. બાતમીના આધારે વેજલપુર પોલીસની ટીમે મોરબી પહોંચી આરોપીને કાયદેસરની રીતે હસ્તગત કર્યો અને ભોગ બનનાર સાથે બંનેને વેજલપુર પોલીસ સ્ટેશન લાવવામાં આવ્યા. સમગ્ર કેસની આગળની તપાસ માટે આ મામલો જિલ્લા **એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ (AHTU)**ને સોંપ્યો છે.

પૂરઝડપે દોડતી બાઇકનો કાળો કહેર

સુરેલીના આધેડનું હિટ એન્ડ રનમાં મોત, ચાલક ફરાર

ખેતરે જતા સમયે અજાણ્યા બાઇક ચાલકે મારી જોરદાર ટક્કર

(પ્રતિનિધિ) કાલોલ, તા.18 કાલોલ તાલુકાના સુરેલી ગામમાં હિટ એન્ડ રનની કરુણ ઘટના સામે આવી છે. સુરેલી ગામના બ્રાહ્મણ ફળિયામાં રહેતા 45 વર્ષીય રયજીભાઈ સામતભાઈ પરમાર શુક્રવાર સવારે આશરે 9:30 વાગ્યે પોતાના 'પીપળાવાળા ખેતર' તરફ પગપાળા જઈ રહ્યા હતા. તે દરમિયાન સુરેલી-વિજય ભગતની મુવાડી ગામ રોડ પર પૂરઝડપે અને બેદરકારીપૂર્વક આવી રહેલા અજાણ્યા મોટરસાયકલ ચાલકે તેમને જોરદાર ટક્કર મારી હતી. ટક્કર એટલી ગંભીર હતી કે રયજીભાઈ રોડ પર પટકાતા તેમના માથા સહિત શરીરના વિવિધ ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત સર્જ્યા બાદ બાઇક ચાલક ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો.

અકસ્માતની જાણ થતાં ગ્રામજનો અને પરિવારજનો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ઈજાગ્રસ્ત રયજીભાઈને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ મારફતે ગોધરા સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જોકે, ટૂંકી સારવાર દરમિયાન ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ બનાવ અંગે મૃતકના મોટા ભાઈ નાનુભાઈ સામતભાઈ પરમાર (ઉંમર 58 વર્ષ, ધંધોઃ મજૂરી)એ વેજલપુર પોલીસ સ્ટેશનમાં અજાણ્યા મોટરસાયકલ ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો દાખલ કરી ફરાર બાઇક ચાલકને ઝડપી પાડવા કાયદેસરની કાર્યવાહી અને તપાસ શરૂ કરી છે.

શાળા છૂટ્યા બાદ મોતની સફરઃ ત્રણ-ત્રણ સવારી અને સાવચેતીના અભાવ સામે ફરી ઉઠ્યા સવાલો

સિંગવડના નાના આંબલીયા ગામે બે બાઈક સામસામે અથડાતાં ધોરણ-૧૨ના વિદ્યાર્થીનું મોત, ૫ ગંભીર ઘાયલ

(પ્રતિનિધિ) સિંગવડ, તા.18 સિંગવડ તાલુકાના રણધીકપુર ગામના કિશોરી ફળિયામાં રહેતા 17 વર્ષીય શિવરાજ ફતેસિંહ કિશોરી તેના પિતરાઈ ભાઈ તુષાર કલસિંગ કિશોરી (17) અને રોહિત રાકેશ કિશોરી (15) સાથે નાના આંબલીયા સ્થિત શ્રી સરદાર પટેલ વિદ્યાલયમાં અભ્યાસ માટે ગયા હતા. શાળા પૂર્ણ થયા બાદ ત્રણેય એક જ બાઈક પર ઘરે પરત ફરી રહ્યા હતા. નાના આંબલીયા ગામની ચોકડી પાસે આવેલા વળાંક પર સામેથી આવતી પલ્સર બાઈક સાથે તેમની બાઈક ધડાકાભેર અથડાઈ હતી.

અકસ્માત એટલો ગંભીર હતો કે શિવરાજને માથા સહિત શરીરના

વિવિધ ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચતા તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે તુષાર અને રોહિતને ગંભીર હાલતમાં ગોધરા રિફર કરવામાં આવ્યા હતા. બીજી બાઈક પર સવાર દાસા ગામના નીનામા નરેન્દ્ર નાનજીભાઈ (18), બોરગોટા ગામના હર્ષદ અરવિંદભાઈ પટેલ (19) અને રાહુલ કલ્યાણ બારીયા (18) પણ ગંભીર રીતે ઘાયલ થયા હતા. તમામને પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે દાહોદ, ગોધરા અને વડોદરાની હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા છે. અકસ્માતમાં બંને મોટરસાયકલોનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. ઘટનાની જાણ થતાં સ્થાનિક લોકો અને પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી અને આગળની કાર્યવાહી હાથ ધરી હતી. આ ઘટના બાદ ફરી એકવાર સગીર વયના વિદ્યાર્થીઓ દ્વારા બાઈક ચલાવવા અને ત્રણ-ત્રણ સવારી સાથે મુસાફરી કરવાના મુદ્દે ગંભીર સવાલો ઊભા થયા છે. ગ્રામ્ય વિસ્તારોમાં પરિવહનની પૂરતી સુવિધાના અભાવે વાલીઓ બાળકોને બાઈક આપતા હોય છે, પરંતુ લાઇસન્સ વિના વાહન ચલાવવું અને ટ્રાફિક નિયમોની અવગણના જીવલેણ સાબિત થઈ શકે છે. આવી ઘટનાઓ અટકાવવા માટે વાલીઓ તેમજ પોલીસ અને પરિવહન તંત્ર દ્વારા વધુ સજાગતા અને કડક અમલવારી જરૂરી બની છે.

હાલોલ રૂરલ પોલીસે ચોરની બાઈક સાથે એકને ઝડપ્યો

(પ્રતિનિધિ) હાલોલ, તા.18 હાલોલ રૂલર પોલીસ સ્ટેશનના સર વેલન્સ સ્કો ડ ના પોલીસ કર્મચારીઓએ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન ગોપીપુરા ગામ ભીખાપુરા ફળિયા નજીક એક ઈસમ ને મોટરસાયકલ સાથે શંકા સ્પદ હાલતમાં પકડી તપાસ કરતા મોટરસાયકલ ના મૂળ માલિક નામ અને સરનામું મેળવી સંપર્ક કરતા માલુમ પડ્યું કે રાજગઢ પોલીસ સ્ટેશન એફ.આઈ.આર નંબર 11203055240653/2023 ઈ.પીકો કલમ 379 મુજબ નો ગુનો દાખલ થયેલ હોવાનું માલુમ પડેલ. તેથી રાજગઢ પોલીસ સ્ટેશન આગળની કાર્યવાહી કરવા માટે જાણ કરવામાં આવેલ છે.

પાવાગઢ ડુંગર પર ડી-કમ્પોઝ હાલતમાં યુવકની લાશ મળી

ગરબાડાના 40 વર્ષીય દીપકકુમાર ગોહિલની ઓળખ, મોતનું કારણ હજુ રહસ્ય

(પ્રતિનિધિ) હાલોલ, તા.18 યાત્રાધામ પાવાગઢ ડુંગર પર આવેલા ઐતિહાસિક અટક દરવાજા નજીકના જંગલ વિસ્તારમાંથી શુક્રવારે એક યુવકની ડી-કમ્પોઝ હાલતમાં લાશ મળી આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. ઘટનાની જાણ થતાં જ પાવાગઢ પોલીસનો કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયો હતો અને મૃતદેહનો કબજો લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે હાલોલ રેફરલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો છે. પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતકની ઓળખ દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના રહેવાસી દીપકકુમાર રૂપસિંગ ગોહિલ (ઉં. 40) તરીકે થઈ છે. પ્રાથમિક તપાસમાં યુવક પાવાગઢ ડુંગર પર કેવી રીતે પહોંચ્યો અને તેનું મોત કયા સંજોગોમાં

થયું તે અંગે કોઈ સ્પષ્ટ માહિતી સામે આવી નથી. ઘટનાને લઈને આત્મહત્યા, અકસ્માત અથવા અન્ય કોઈ કારણની શક્યતાઓને ધ્યાનમાં રાખીને પોલીસે તમામ દિશામાં તપાસ શરૂ કરી છે.

પાવાગઢ પોલીસે સ્થળ પરથી જરૂરી પુરાવા એકત્ર કરી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસના જણાવ્યા મુજબ પોસ્ટમોર્ટમ રિપોર્ટ પ્રાપ્ત થયા બાદ જ યુવકના મોતનું ચોક્કસ કારણ જાણી શકાશે. હાલ સમગ્ર મામલે પોલીસે ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.